ગાંધીનગર મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા

સે-૨૯ ખાતે વસ્તી નિયંત્રણ અંગેનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૪

સમગ્ર વિશ્વમાં વિશ્વ વસ્તી દિન નિમિતે અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે.ગાંધીનગર મ્યુનિ.કોર્પોરેશન દ્વારા પણ હાલ

વસ્તી ઘટાડા સંદર્ભે ગુરુ શિબીર,નિબંધ સ્પર્ધા,વકુત્વ સ્પર્ધા,સાસુ સંમેલન અને લાયક દંપતી મીટીંગ સહિતના કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. જેમાં મ્યુનિ.આરોગ્ય વિભાગ દ્વારા આજે સેક્ટર ૨૯ ખાતે આવેલ સરકારી પ્રાથમિક શાળામાં વસ્તી નિયત્રણ અંગેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મેયરશ્રી હંસાબેન મોદી,કોર્પોરેટરશ્રી હર્ષજીત પંડ્યા,કોર્પોરેટરશ્રી યુસુફ પરમાર તેમજ મ્યુનિસિપલ આરોગ્ય અધિકારી ડો.ડી.એન.બારોટ તથા સેક્ટર ૨૯ અર્બન હેલ્થ સેન્ટરના તબીબ શ્રી ગીરીશભાઈ પંડ્યા ઉપસ્થીત રહ્યા હતાં. આ પ્રસંગે ૩૦ વર્ષથી વધુની વય ધરાવતા આશરે ૬૦ જેટલા બહેનોનું ડાયાબીટીસ સ્ક્રીનીંગ કરવામાં આવ્યું હતું. તેમજ સ્તન કેન્સર તથા ગર્ભાશયના મુખના કેન્સર અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. દરમિયાન કાર્યક્રમ અંતર્ગત મેયરશ્રી હંસાબેન મોદીએ વસ્તી નિયત્રણ સંદર્ભે પોતાનું વ્યક્તવ્ય આપયું હતું. તેમણે શિક્ષણ અને સ્ત્રી પુરૂષ સમાનતા તથા મહિલા જાગૃતિ ઉપર ભાર મુક્યો હતો. તેમજ ઉપસ્થિતોને સરકારી યોજનાઓનો લાભ લેવાં પણ વધુ માં તેમણે જણાવ્યું હતું.

વિશ્વના વિભિન્ન દેશોમાં વસ્તી વિસ્ફોટના પગલે બેરોજગારી,ગીચતા અને પ્રદુષણ સહિતની સમસ્યાઓ ઘેરી બની છે. ત્યારે વિશ્વ વસ્તી દિનની ઉજવણી સાથે વસ્તી ઘટાડા ના પ્રયાસો રૂપે ગાંધીનગર મ્યુનિ. કોર્પોરેશનના આરોગ્ય વિભાગ દ્વારા ૨૭ જુન થી ૧૦ જુલાઈ ૨૦૧૫ સુધી જનજાગૃતિ ના વિવિધ કાર્યક્રમો યોજવા કવાયત હાથ ધરવામાં આવી છે.

આ કાર્યક્રમો અંતર્ગત તંત્ર દ્વારા નાના કુટુંબના ફાયદા અને આ માટે ના જરૂરી પગલા, પ્રથમ બાળક લગ્ન ના ત્રણ વર્ષ પછી, બે બાળકો વચ્ચે ઓછામાં ઓછો ત્રણ વર્ષ નો ગાળો તથા દીકરાદીકરી વચ્ચે ભેદ ના રાખવો સહિત ની બાબતો અંગે માર્ગદર્શન આપવામાં આવી રહયું છે. દરમિયાન પુત્ર ઘેલછા, અજ્ઞાનતા, ખોટી માન્યતા અને શિક્ષણના અભાવ જેવા વસ્તી વધારાના કારણો અંગે પણ કાર્યક્રમોમાં ચર્ચાવિચારણા કરવામાં આવે છે.

નકલી પોલીસ ગાંધીનગરમાં પણ સક્રીય

મહિલાને લુંટી : સેક્ટર-૨૫ જીઆઈડીસીથી મહિલાને ડંડો મારી ગાડીમાં બેસાડી દીધા બાદ નકલી પોલીસે રસ્તામાં દાગીના લુંટી લઈ ભાટ પાસે ઉતારી દીધી હોવાની ફરીયાદ

ગાંધીનગર, તા. ૧૪

અમદાવાદ વિસ્તારમાં નકલી પોલીસના આતંક બાદ હવે ગાંધીનગરમાં પણ નકલી પોલીસ સક્રીય થવા પામી છે. કોલવડા ગામની એક મહિલાને સે. ૨૫ જીઆઈડીસી પાસેથી ડંડો મારીને પોલીસની ઓળખ આપી સેન્ટ્રો ગાડીમાં બેસાડી દઈ રસ્તામાંતેણીના દાગીના લુંટી લીધા હતા અને ભાટ ગામ પાસે ગાડીમાંથી ઉતારી દઈ ગઠીયા ફરાર થઈ ગયા હતા. સે. ૨૧ પોલીસે મહિલાની ફરીયાદને આધારે લુંટનો ગુનો દાખલ કરી ઊંડી તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ કોલવડા ગામમાં સ્થિત આશાપુરા નગર સોસાયટીમાં રહેતા અને સે. ૨૫ જીઆઈડીસી ખાતે એક કંપનીમાં નોકરી કરતાં સુર્યાબા બલવંતસિંહ વાઘેલા ૮ જુલાઈએ બપોરના અરસામાં જીઆઈડીસી પાસેથી જતા હતા ત્યારે સીલ્વર સેન્ટ્રો ગાડી નં. જીજે-૧એસએફ-૭૬૭૬ લઈને આવેલા શખ્સો પોલીસની ઓળખ આપી સુર્યાબાને ડંડો મારીને ગાડીમાં બેસાડી દીધા હતા. રસ્તામાં નાકની વાળી, કાનની બે કડીઓ મળી સોનાના આશરે પોણા તોલા વજનના ૧૫ હજારની કિંમતના દાગીના લુંટી લઈ ભાટ ગામ પાસે ઉતારી મુક્યા હતા. દિકરો બહારગામથી પરત આવ્યો ત્યારે ગઈકાલે પોલીસમથકે જઈને દિકરા સાથે જઈ સુર્યાબાએ ફરીયાદ નોંધાવી હતી. જેને આધારે સે. ૨૧ પોલીસમથકના પીએસઆઈ સી.બી. ચૌહાણે ગાડીના નંબરને આધારે માલીક સુધી પહોંચવા અને નકલી પોલીસને પકડવા દોડધામ શરૂ કરી છે.

ચિલોડા ગામમાં ઘરે ઘરે ડસ્ટબીનનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતે મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન અંતર્ગત ગ્રામ પંચાયત સ્વચ્છતા સમિતિ દ્વારા ઘરે ઘરે કચરો એકત્ર કરવાના પ્રોજેકટનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ પ્રોજેકટ અંતર્ગત ચિલોડા ગામના દરેક ઘરે ભીના અને સૂકાં કચરા માટે બે ડસ્ટબીનોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

(તસવીર : નટુભાઈ પટેલ)

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પ્રેરિત મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન અંતર્ગત ગામમાં કચરો ગમે ત્યાં ફેંકવાને બદલે તેને ડસ્ટબીનમાં એકત્ર કરી ઘરે ઘરેથી ઉઘરાવી યોગ્ય નિકાલ કરવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ અંતર્ગત ચિલોડાના તમામ ગ્રામજનોને ઘર દીઠ બે ડસ્ટબીન આપવામાં આવ્યા છે. લાલ કલરના ડસ્ટબીનમાં ભીનો કચરો અને લીલા રંગના ડસ્ટબીનમાં સૂકો કચરો એકત્ર કરવામાં આવશે ત્યાર બાદ સ્વચ્છતા સમિતિ દ્વારા ઘરે ઘરેથી કચરો ઉઘરાવવાની વ્યવસ્થા કરાશે જે કચરાનો યોગ્ય નિકાલ કરાશે અને ગામને સ્વચ્છ રાખવામાં ઉપયોગી બનશે. આ સાથે ગામની મહિલા સફાઈ કામદારો દ્વારા શેરીએ શેરીએ સફાઈની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. દરેક ગ્રામજનોએ કચરો એકત્ર કરવા માટેના ડસ્ટબીન મેળવી હર્ષની લાગણી અનુભવી હતી અને તેનો ઉપયોગ કરવાની કટિબધ્ધતા દર્શાવી હતી.

ઉવારસદ ખાતે મંત્રી રમણલાલ વોરાના હસ્તે ફિઝીયોથેરાપી સેન્ટરનો શુભારંભ

ગાંધીનગર, તા.૧૪

સદવિચાર પરિવાર સંચાલિત શ્રી હીરાલક્ષ્મી ભીખાલાલ બેંકર વિકલાંગ પુનર્વાસ કેન્દ્ર ઉવારસદના પરિસરમાં નવનિર્માણ ફિઝીયોથેરાપી સેન્ટરનો ગુજરાત સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી રમણભાઈ વોરાના હસ્તે મહાનુભાવોની હાજરીમાં શુભારંભ કરવામાં આવ્યો હતો.

શાળાના વિકલાંગ બાળકો દ્વારા મહાનુભાવોનું સ્વાગત કરીને સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી પી.કે. લહેરીએ મંચસ્થ મહાનુભાવોને શાબ્દિક સ્વાગત પ્રવચન દ્વારા આવકારીને સદવિચાર પરિવાર દ્વારા થતી વિવિધ સામાજીક પ્રવૃત્તિઓની વિગતો રજૂ કરી હતી. અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત એમ.એસ. ડાગુરે સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ વિકલાંગજનોમાટે સરકાર દ્વારા થતી પ્રવૃત્તિ અને સહયોગની વાત રજૂ કરી હતી.

ફિઝીયોથેરાપી ભવનના નિર્માણમાં સમાજના શ્રેષ્ઠીઓ તથા દાતાઓએ આપેલ સહયોગ બદલ મંત્રીશ્રીએ ઈશ્વરલાલ અંબાલાલ પટેલ શેરથાનું શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. મંત્રીએ સમગ્ર સંસ્થાની મુલાકાત લઈને પોતાના પ્રવચન દ્વારા આ સંસ્થા હજુ પણ વધુ સુંદર આ ક્ષેત્રે પોતે કાર્ય કરી શકે છે તે માટે તેમણે સરકાર તરફથી મળતા સહયોગની ખાતરી આપીને દરેક વિકલાંગ બાળકને સરકાર અને સંસ્થા દ્વારા થતી પ્રવૃત્તિઓ અને સહયોગનો ઉચિત લાભ લઈને પોતાના જીવનમાં તે વ્યકિત ઉંચો આવવો જોઈએ એ વાત પર ભાર મૂકીને સંસ્થા દ્વારા થતી સામાજીક અને માનવ કલ્યાણની પ્રવૃત્તિઓને બિરદાવી હતી.

સંસ્થાના નિયાકમશ્રીએ સંસ્થા પરિચય આપીને આ બાળકોની યશગાથા રજુ કરી હતી. સંસ્થાના ટ્રસ્ટી કે.આર. સિંગ સાહેબે આ પ્રસંગે ઉપસ્થિત સૌનો આભાર માન્યો હતો. આ પ્રસંગે સદવિચાર પરિવારના સર્વ ટ્રસ્ટીશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં આમંત્રિત મહેમાનોઅનેસ્વજનોહાજર રહ્યા હતા.

સે-૧૫, ગણપતિ ફાઉન્ડેશન દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું

ગાંધીનગરને પુનઃ ગ્રીનસીટીનું બિરુદ અપાવવા વધુ કાર્યક્રમો કરવામાં આવશે

ગાંધીનગર, તા.૧૪

સેકટર-૧૫ સ્થિત ગણપતિ ફાઉન્ડેશન દ્વારા પર્યાવરણ જાગૃતિનું બીડું ઝડપવામાં આવ્યું છે. પર્યાવરણ જાગૃતિ સેમિનાર, વૃક્ષારોપણ કરી નગરને લીલુંછમ બનાવવા સહિતના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

ગાંધીનગર એક સમય માટે ગ્રીનસીટી ગણાતું હતું. પરંતુ વિકાસના વિનાશમાં શહેરનું ગ્રીનસીટનું બિરુદ છીનવાઈ ગયું છે ત્યારે નગરને પુનઃ હરિયાળું બનાવવા સેકટર-૧૫ સ્થિત ગણપતિ ફાઉન્ડેશને બીડું ઝડપ્યું છે. ફાઉન્ડેશન દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

ગણપતિ ફાઉન્ડેશનના ટ્રસ્ટી વિજયસિંહ માજીરાણાએ જણાવ્યું હતું કે ફાઉન્ડેશન દ્વારા પર્યાવરણ જાળવણી માટેના વધુ કાર્યક્રમો આગામી સમયમાં કરવામાં આવશે. શહેરમાં વૃક્ષારોપણની સાથે સાથે વૃક્ષ બચાવો જાગૃતિ અભિયાન કરવામાં આવશે. વનરાજીનું મહત્વ દરેક નાગરિકને સમજાવવામાં પણ આવશે.

કાર્યક્રમમાં કોર્પોરેટર ચિમનભાઈ વિઝુંડા, રશ્મિનભાઈ પરમાર, સોમાભાઈ પટેલ, ધર્મેશ રાવલ તેમજ કૈલાશધામ સોસાયટીના રણછોડભાઈ નાયી, જીમી સોલંકી અને ફતેપુરાના ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા અને સૌએ મોટી સંખ્યામાં વૃક્ષારોપણ કર્યું હતું.

ગાંધી એનપી પ્લસ અને બ્રહ્મસમાજના સંયુક્ત ઉપક્રમે એચઆઈવી ગ્રસ્ત બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લામાં એચઆઈવી એઈડ્સ પોઝીટીવ દર્દીઓ માટે તેમના દ્વારા જ ચાલતી સંસ્થા ગાંધી એનપી પ્લસ દ્વારા સર્વાંગી

વિકાસ માટે કાર્યરત છે. આ સંસ્થા દ્વારા જિલ્લાના એચઆઈવી પોઝીટીવ બાળકોને આજે શૈક્ષણિક કીટનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર નેટવર્ક ઓફ પીપલ લિવીંગ વીથ એચઆઈવી એઈડ્સ એટલે કે ગાંધી એનપી પ્લસ સંગઠને એઈડ્સગ્રસ્ત નાગરિકો દ્વારા ચાલતુ સંગઠન છે જે એચઆઈવી પોઝીટીવ દર્દીઓને વિહાન પ્રોજેક્ટ દ્વારા સર્વાંગી વિકાસ, તેમની સારવાર તેમજ મળવાપાત્ર સુવિધાઓ વગેરે માટે કાર્યરત છે. સંસ્થા દ્વારા જિલ્લાના જરૂરિયાતમંદ એચઆઈવી પોઝીટીવ બાળકોને ધ્યાનમાં લઈને તેમની જરૂરિયાત સંતોષવા પણ પ્રયત્નો હાથ ધરવામાં આવે છે. આ અંતર્ગત આજે ગાંધી એનપી પ્લસ સંસ્થા દ્વારા ગાંધીનગરની બ્રહ્મસમાજની કાર્યકર બહેનોના સહયોગથી બાળકોને નિઃશુલ્ક શૈક્ષણિક કીટના વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં ભાવનાબેન પાઠક, પ્રવિણાબેન વોરા, દિવ્યાબેન પંડ્યા, અંજનાબેન ગોર, ચંદ્રિકાબેન રાવલ વગેરે મહિલાઓ ઉપરાંત કિશનભાઈ રાઠોડ, કેયુર જયસ્વાલ, નિતિન મકવાણા અને વિહાન સીએસસીનો તમામ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

કડી કેમ્પસના છાત્રાલયમાં 'મેઈક યોર સ્ટડી સીમ્પલ' વિષય પર વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરના સેકટર-૨૩નાં કડી સર્વ વિદ્યાલય સંકુલના કુમાર છાત્રાલય ખાતે 'મેઈક યોર સ્ટડી સીમ્પલ' વિષયક વ્યાખ્યાન યોજાયું હતું. ગાંધીનગરના મેમરી ટ્રેનર ભાર્ગવ ત્રિવેદી દ્વારા આ વ્યાખ્યાન પ્રસ્તુત કરવામાં આવ્યું હતું.

કડી સર્વ વિદ્યાલય સંકુલ વિદ્યાર્થીઓના સર્વંગી વિકાસ માટે સતત કાર્યરત હોય છે. છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે અભ્યાસક્રમને સરળ બનાવવાના હેતુથી વિવિધ નિષ્ણાતો દ્વારા અવારનવાર સેમિનાર્સ અને વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવતું હોય છે. તાજેતરમાં આ પ્રકારના વ્યાખ્યાનમાં ગાંધીનગરના જાણીતા મેમરી ટ્રેનર ભાર્ગવ ત્રિવેદી દ્વારા ઉર્જા સભર વ્યાખ્યાન રજુ કરાયું

હતું. આ વ્યાખ્યાનમાં તેમણે વિવિધ અવાજો દ્વારા ખૂબ જ પ્રેરક ઉદબોધન કરી વિદ્યાર્થીઓમાં નવી ચેતનાનો સંચાર કર્યો હતો. વિદ્યાર્થીઓએ પણ તાળીઓના ગડગડાટથી તેમને વધાવી લીધા હતા.

સેક્ટર-૩માં ખુલ્લેઆમ જુગાર રમતા ત્રણ શકુની પકડાયા

ગાંધીનગર, તા. ૧૪

શહેરના સેક્ટર-૩-ડી પાસે સરકારી બોર સામે ખુલ્લામાં જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે સેક્ટર-૭ પોલીસમથકના પીએસઆઈ એમ.પી. ચૌહાણ તથા તેમની ટીમે દરોડો પાડી ત્રણ શકુનીઓને જુગાર રમતા રંગેહાથ ઝડપી પાડ્યા હતા. સે. ૩ છાપરામાં રહેતા અબ્બાસ વજીર પીંજારી, સે. ૬-સી છાપરામાં રહેતા અજમલ ખેમા રાણા અને વાવોલ કુબેરનગરમાં રહેતા મગન કરશન પરમાર મળી ત્રણેયની રૂ. ૧૫૪૦ રોકડ તથા એક મોબાઈલ મળી કુલ રૂ. ૨૦૪૦ની કિંમતના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

ચક્ષુદાન કરવામાં આવ્યું

શહેરના સેકટર-૬-બી પ્લોટ નં. ૧૯૦/૨ ખાતે રહેતા તારક અંબરિષભાઈ ઓઝા ઉ.વ.૪૭નું અવસાન ગત રોજ સોમવારે થયું હતું. સ્વર્ગસ્થના કુટુંબીજન અજય નટવરલાલ પટેલની સંમતિથી તેમના ચક્ષુઓનું દાન કરવામાં આવ્યું છે.

શ્રાવણ માસમાં શિવ મહિમ્ન પાઠ કરવામાં આવશે

ગાંધીનગર, તા.૧૪

શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સેકટર-૨૩ દ્વારા તા. ૧૫-૮-૨૦૧૫થી શરૂ થતાં પવિત્ર શ્રાવણ માસ દરમિયાન સેકટરમાં શિવ મહિમ્ન પાઠનું આયોજન કરવામાં આવેલ છે.

સમસ્ત બ્રહ્મ સમાજ સે-૨૩ના પરિવારે શિવ મહિમ્ન પાઠ કરાવવા હોય તેઓએ તા. ૧૯-૭-૨૦૧૫ના રોજથી નરેન્દ્ર વ્યાસ ૯૮૯૮૦ ૩૨૬૫૯નો સંપર્ક કરવા વિનંતી કરવામાં આવે છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૪
સૂર્યાસ્ત : ૭.૨૯

તાપમાન

મહત્તમ : ૩૭.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૯.૮ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૧ ટકા ● સાંજે ૪૫ ટકા

મનોરંજન

સિટીપલ્સ

સ્ક્રીન-૨ :
બાહુબલી : ૩.૩૦, ૧૦.૦૦
આઈ લવ એન.વાય : ૬.૩૦

સ્ક્રીન-૩ :
બાહુબલી : ૧૨.૩૦
આઈ લવ એન.વાય : ૪.૦૦, ૧૦.૧૫
ટર્મીનેટર જેનીસીસ (હિન્દી) (૩ડી) : ૭.૦૦

સ્ક્રીન-૪ :
આઈ લવ એન.વાય : ૧૦.૦૦, ૧૨.૪૫
ઠાકોર નં. ૧ (ગુજરાતી) : ૧૨.૧૫
ગુડ્ડુ રંગીલા : ૪.૧૫, ૧૦.૪૫
જુરાસિક વર્લ્ડ (હિન્દી) (૨ડી) : ૭.૪૫

સ્ક્રીન-૫ :
દિલ દે કે દેખો : ૧૦.૦૦
તનુ વેડસ મનુ ૨ : ૧.૦૦
એબીસીડી - ૨ : ૩.૪૫, ૧૦.૦૦
બાહુબલી : ૬.૪૫

સિનેમેક્સ

સ્ક્રીન-૧ :
૩ડી મીનીયન (અંગ્રેજી) :૧૦.૦૦, ૬.૧૦, ૮.૨૦
એબીસીડી ૨ (૩ડી) : ૧૨.૧૦
જુરાસિક વર્લ્ડ (૩ડી) : ૩.૨૫
ટર્મીનેટર જેનીસીસ (હિન્દી) (૩ડી) : ૧૦.૩૦

સ્ક્રીન-૨ :
બાહુબલી : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૨૦, ૬.૪૦, ૧૦.૦૦

સ્ક્રીન-૩ :
બાહુબલી : ૧૦.૪૫, ૨.૦૫, ૮.૪૫
પ્રેમજી : રાઈઝ ઓફ વોરિયર (ગુજરાતી) : ૫.૨૫

સ્ક્રીન-૪ :
જુરાસિક વર્લ્ડ (૨ડી) (હિન્દી) : ૧૦.૪૫
આઈ લવ એન.વાય (હિન્દી) : ૧.૦૦
એબીસીડી ૨ (૩ડી) : ૩.૪૫, ૯.૫૦
હમારી અધુરી કહાની (હિન્દી) : ૭.૦૦

આપની આજ

મેષ : આર્થિક સંપન્નતા વધશે. દૃઢ નિશ્ચયની પ્રવૃત્તિને કારણે કાર્યામાં વિજય પ્રાપ્ત થઈ શકે છે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

વૃષભ : આર્થિક ઉન્નતિ થશે. મુશ્કેલીઓ દૂર થશે. કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે. રહેઠાણ સંબંધી સમસ્યા રહી શકે છે.

મિથુન : યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટકેલા નાણાં પાછા મળશે. અધિકારી તમારા કાર્યથી પ્રસન્ન થશે. બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે.

કર્ક : કોઈ નામી વ્યક્તિથી મુલાકાત થશે. ઉપહાર મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ઉન્નતિ થશે. આળસથી બચીને સક્રિય થઈ જવું તમારા માટે લાભકારક રહેશે.

સિંહ : જ્ઞાનવૃદ્ધિ માટે સ્વાધ્યાયમાં રુચિ વધશે. ખાન-પાનની ગડબડીથી આરોગ્ય ખરાબ થઈ શકે છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. વ્યાપારમાં અનાયાસ ખલેલ પહોંચી શકે છે.

કન્યા : વ્યાપારની બાબતમાં યોગ્ય નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે.વિરોધીઓની તરફ ધ્યાન ન આપીને સ્વયં કાર્ય કરો. વિષમ પરિસ્થિતિમાં પણ ધૈર્ય બનાવી રાખવું પડશે.

તુલા : દરેક ક્ષેત્રમાં સમ્માન મળશે. વેપાર ક્ષેત્રમાં નવી યોજનાઓથી લાભ. દિનચર્યા ખૂબ વ્યસ્ત અને વ્યવસ્થિત રહી શકશે. નોકરીમાં સ્થિતિ સુધરશે.

વૃશ્ચિક : સગા-સંબંધીઓથી મુલાકાત થશે. લાભનો માર્ગ ખુલ્લો થશે. આર્થિક ચિંતા જરાકમાં જ ઉકેલાઈ શકે છે. વ્યવસાયમાં વૃદ્ધિનો યોગ છે. નિર્ણય લેવામાં વિલંબ ન કરો.

ધન : ઈચ્છિત કાર્ય પૂર્ણ થઈ શકશે. આરોગ્ય સારું રહી શકશે. વિલાસિતાની વસ્તુઓ ખરીદવાનો યોગ બનશે. કાર્ય કરવાની સ્થિતિમાં સુધાર અને ગુણાત્મકતા આવશે.

મકર : પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે. આરોગ્ય સારું રહેશે. મકાન સંબંધી સમસ્યાનો સમાધાન થવાનો યોગ છે. ભૌતિક સુખ- સમૃદ્ધિ વધશે.

કુંભ : ભૂમિ-સંપત્તિના સોદામાં લાભ થવાની સંભાવના છે. કૌટુંબિક જીવનમાં સુખ-સમૃદ્ધિ રહેશે. આરોગ્યમાં અનુકૂળતા તમને ચિંતાઓથી મુક્ત કરશે.

મીન : અથાગ પ્રયત્નોનો ઓછો લાભ મળશે. નકામો તનાવ, મુશ્કેલી રહેવાની સંભાવના છે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધ થશે.

ચિરવિદાય

- સ્વ. તારક અમરીશભાઈ ઓઝા (ઉ.વ.૪૭) પ્લોટ નં. ૧૯૭/૨, સે-૬બી, ગાંધીનગર
- સ્વ. દક્ષાબેન ઠાકોરભાઈ ગજ્જર (ઉ.વ.૭૦) પ્લોટ નં. ૧૧૧૦/૧, સે-૨ડી, ગાંધીનગર